# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-01-2025** **MORNING : 7.45 to 7.55**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભુવનેશ્વરમાં ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી મેઘાલય અને ઓડિશાના પ્રવાસે
3) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે મહાકુંભને સમર્પિત આકાશવાણી અને દૂરદર્શનના બે ખાસ ગીતો રજૂ કર્યા.
4) આંધ્રપ્રદેશના તિરુપતિમાં થયેલી ભાગદોડમાં છ લોકોના મોત - 40 ઈજાગ્રસ્ત
5) એચએસ પ્રનોય અને માલવિકા બંસોડ કુઆલાલંપુરમાં મલેશિયા ઓપનના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. - PM - PRAVASI-BHARATIYA-DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભુવનેશ્વરના જનતા મેદાન ખાતે ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી ગઈકાલે સાંજે ભુવનેશ્વર પહોંચ્યા હતા. ઓડિશાના રાજ્યપાલ હરિ બાબુ કંભમપતિ, મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા ઓડિશા સરકારના સહયોગથી આયોજિત ૧૮મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ૮ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન ભુવનેશ્વરમાં યોજાયું છે. આ કાર્યક્રમ ભારતીય સમુદાય ના સભ્યોને એકબીજા સાથે જોડાવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. ૫૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓએ આ સંમેલનમાં હાજરી આપવા માટે નોંધણી કરાવી છે, જે "વિકસિત ભારતમાં ભારતીય સમુદાયના યોગદાન" થીમ પર કેન્દ્રિત છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે સંમેલનના સમાપન સમારોહમાં હાજરી આપવા માટે આજે સાંજે ભુવનેશ્વર પહોંચશે. રાષ્ટ્રપતિ ભારતીય સમુદાયના સભ્યોને વિવિધ ક્ષેત્રોમાં તેમની સિદ્ધિઓને માન્યતા આપવા માટે પ્રવાસી ભારતીય સન્માન પણ પ્રદાન કરશે.

આકાશવાણી દિલ્હી આજે ઉદ્ઘાટન કાર્યક્રમની ઓફ-ટ્યુબ ટિપ્પણી પ્રસારિત કરશે. તે 'ઇન્દ્રપ્રસ્થ', 'એફએમ ગોલ્ડ' અને 'આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7' પર સવારે 9:55 મિનીટથી સાંભળી શકાય છે. આ પ્રસારણ આકાશવાણીની યુટ્યુબ ચેનલ 'આકાશવાણી એઆઈઆર' પર પણ લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે.

# PREZ-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી મેઘાલય અને ઓડિશાના પ્રવાસે છે.તેઓ મેઘાલયના ઉમિયમમાં આઈ.સી.એ અને સંશોધન સંકૂલના સુવર્ણ જયંતી સમારોહમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ આવતીકાલે ઓડિશાના ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સત્રમાં જોડાશે અને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર એનાયત કરશે.

# AKASHVANI – DD SONGS

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં મહાકુંભને સમર્પિત આકાશવાણી અને દૂરદર્શનના બે ખાસ ગીતો રજૂ કર્યા. આકાશવાણીની ખાસ સંગીત રચના અને ગીતાત્મક પ્રસ્તુતિ મહાકુંભના આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વને દર્શાવે છે. આ ગીત રતન પ્રસન્નાએ ગાયું છે અને સંગીત સંતોષ નાહર અને રતન પ્રસન્ના દ્વારા આપવામાં આવ્યું છે. આકાશવાણીની મધુર પ્રસ્તુતિ મહાકુંભની શાશ્વત પરંપરાઓ અને પવિત્રતાના મહત્વને વ્યક્ત કરે છે. આ શ્રોતાઓમાં ભક્તિ અને ગર્વની લાગણી પેદા કરે છે.

દૂરદર્શન દ્વારા નિર્મિત થીમ ગીત "મહાકુંભ હૈ" પદ્મશ્રી કૈલાશ ખેરે ગાયું છે. તે મહાકુંભની ભક્તિ, ઉત્સવની ભાવના અને જીવંત સાંસ્કૃતિક સારનું પ્રતિનિધિત્વ કરે છે.

## (SONG – MAHAKHUMBH)

આ પ્રસંગે પ્રસાર ભારતીના ચેરમેન નવનીત કુમાર સેહગલ, મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદી, દૂરદર્શનના મહાનિર્દેશક કંચન પ્રસાદ અને

ઓલ ઈન્ડિયા રેડિયોના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌર પણ હાજર હતા. ઉલ્લેખનીય છે કે પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન મહાકુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# REV.-TIRUPATI-STAMPEDE

આંધ્રપ્રદેશમાં, તિરુપતિમાં 10 થી 12 જાન્યુઆરી દરમિયાન યોજાનારા વૈકુંઠ એકાદશી દર્શન માટે ટોકન આપતા કાઉન્ટર પર ગઈકાલે સાંજે થયેલી ભાગદોડમાં છ લોકોના મોત થયા છે.. લગભગ 40 લોકોને ઈજાઓ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના તિરુપતિ શહેરમાં બની છે, તિરુમાલાની ટેકરી પર નહીં જ્યાં મંદિર સ્થિત છે.

વૈકુંઠ એકાદશી દર્શનને ભક્તો દ્વારા શુભ માનવામાં આવે છે અને તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) એ તિરુપતિમાં ત્રણ અલગ અલગ સ્થળોએ 1 લાખ 20 હજાર ટોકન આપવા માટે 94 કાઉન્ટરનું આયોજન કર્યું છે.

# PM - STAMPEDE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરુપતિમાં થયેલી ભાગદોડ પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે તેમની સંવેદનાઓ એવા લોકો સાથે છે જેમણે પોતાના નજીકના અને પ્રિયજનો ગુમાવ્યા છે. શ્રી મોદીએ ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકાર અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહી છે.

## MAHAKUMBH GAJENDRA SINGH SHEKHAWAT

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે પ્રયાગરાજમાં મહાકુંભ મેળા વિસ્તારમાં કલાગ્રામ કેન્દ્રની તૈયારીઓની સમીક્ષા કરતાં કહ્યું કે મહાકુંભ એ ભારતની સમૃદ્ધ સંસ્કૃતિને પ્રદર્શિત કરવાનો ખૂબ જ ખાસ પ્રસંગ છે. અહીં આવતા લોકો ભારતની સાંસ્કૃતિક વિવિધતાના સાક્ષી બનશે. શ્રી શેખાવતે જણાવ્યું હતું કે આ 45 દિવસના મહાકુંભમાં 45 કરોડથી વધુ લોકો આવશે..

### (બાઈટ – ગજેન્દ્ર શેખાવત)

## MALAYSIA-OPEN-BADMINTON

એચએસ પ્રનોય અને માલવિકા બંસોડ કુઆલાલંપુરમાં મલેશિયા ઓપનના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા છે.

પુરુષ સિંગલ્સમાં, પ્રણોયે  ગઈકાલે કેનેડાના બ્રાયન યાંગને 21-12, 17-21, 21-15થી હાર આપી.. તેનો આગામી મુકાબલો  આજે સવારે થશે.

મહિલા સિંગલ્સમાં, માલવિકાએ મનપસંદ ગોહ જિન વેઈને 21-15, 21-16થીહર આપી . માલવિકા આજે સવારે 10:30 વાગ્યે ચીનના હાન યુનો સાથે મુકાબલો કરશે.

મિક્સ ડબલ્સમાં, ભારતના ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોએ દક્ષિણ કોરિયાના સુંગ હ્યુન કો અને હાય વોન ઇઓમને 21-13, 21-14થી હાર આપી.

પુરુષોના ડબલ્સના, ચિરાગ શેટ્ટી અને એસ રેન્કીરેડ્ડીનો સામનો મલેશિયાના ટેન વી કિયોંગ અને નૂર મોહમ્મદ અઝરીન અયુબ સામે થશે.

# SHIVRAJ--NIRMALA-MEETING

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ગઈકાલે નવી દિલ્હીમાં નાણામંત્રી નિર્મલા સીતારમણને મળ્યા હતા અને આગામી કેન્દ્રીય બજેટને ધ્યાનમાં રાખીને અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે તેઓએ કૃષિ, ગ્રામીણ વિકાસ, ભારતીય કૃષિ સંશોધન સંસ્થા-ICAR અને જમીન સંસાધન સહિત ચાર વિભાગોના બજેટ અંગે ચર્ચા કરી હતી. શ્રી સિંહે જણાવ્યું હતું કે તેમણે આગામી કૃષિ અને ગ્રામીણ વિકાસ બજેટ અંગે ખેડૂતો, પ્રોસેસિંગ વ્યક્તિઓ અને ભાગીદારો સાથે વ્યાપક ચર્ચા કરી છે અને નાણામંત્રીને તમામ મુદ્દાઓ પર સૂચનો આપ્યા છે.

# JPC ONE NATION ONE ELECTION

**'એક દેશ એક ચૂંટણી' સંબંધિત 2 ખરડા અંગે સંયુક્ત સંસદીય સમિતિ-JPCની પહેલી બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં યોજાઈ ગઈ. ખરડાઓને સત્તાવાર રીતે 129મા બંધારણ સુધારા ખરડા-2024 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા ખરડો- 2024 નામ અપાયા છે.**

**સમિતિના અધ્યક્ષ ભાજપના સાંસદ પી. પી. ચૌધરીએ જણાવ્યું કે, સમિતિ તમામ હિતધારકોના વિચાર જાણશે ત્યારબાદ આગળ નિર્ણય કરાશે. બેઠક**

દરમિયાન કાયદા અને ન્યાય મંત્રાલયના પ્રતિનિધિઓએ સભ્યોને સૂચિત કાયદાઓની જોગવાઈઓ અંગે માહિતગાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 39 સભ્યોની સમિતિમાં 27 સભ્યો લોકસભા અને 12 સભ્ય રાજ્યસભાના છે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજના તમામ દૈનિકોમાં અલગ અલગ સમાચારોને હેડલાઇન બનાવવામાં આવી છેઃ સંદેશ અને ફુલછાબ દૈનિકની હેડલાઇન છે- માર્ગ અકસ્માતમાં 1.5 લાખની કેશલેસ સારવાર- જ્યારે આ સમાચારને ગુજરાત સમાચારે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- લોસ એન્જલસમાં દાવાનળઃ 30 હજાર લોકો ઘર છોડી ભાગી ગયા- આ નવગુજરાત સમયની હેડલાઇન છે, તો દિવ્યભાસ્કરે આ ઘટનાની તસવીર પ્રકાશિત કરી છે
- ગુજરાત સમાચારે કેરળ હાઇકોર્ટનાં ચૂકાદાને ટાંકીને હેડલાઇન બનાવી છે- મહિલાના શરીરને જોઇને ફાઇન કહેવું જાતીય સતામણી
- દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે આપ-ભાજપનાં પ્રચારનાં સમાચારને હેડલાઇન બનાવી દિવ્ય ભાસ્કરે શિર્ષક આપ્યું- શીશ મહેલ વિરુધ્ધ રાજ મહેલ
- તિરુપતિ મંદિરમાં ધક્કામુક્કીથી છ શ્રધ્ધાળુનાં મૃત્યુના સમાચાર તમામ દૈનિકોએ પ્રથમ પાને લીધાં છે.
- આ ઉપરાંત, ઇસરોનાં ચેરમેનપદે વી નારાણયની નિયક્તિ, એક રાષ્ટ્ર એક ચૂંટણી મુદ્દે સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક મળી, સુપ્રસિધ્ધ પત્રકાર અને ફિલ્મસર્જક પ્રિતીશ નંદીનું અવસાન જેવાં સમાચારો પ્રથમ પાને જોવા મળે છે.